પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૭૦ | ૨૧ મે, ૨૦૨૨, શનિવાર; વૈશાખ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રેલવે ભરતી કૌભાંડ મામલે લાલુ પર સકંજો

**રેલવે ભરતી કૌભાંડ મામલે CBIના ૧૭ ઠેકાણે દરોડા : સવાર સવારમાં અલગ અલગ ટીમો બનાવીને દરોડા પાડ્યા : રાબડી દેવીના ઘરે પહોંચેલી સીબીઆઈમાં મહિલા અને પુરુષ અધિકારીઓ સામેલ છે, સીબીઆઈની ટીમમાં કુલ ૧૦ લોકો છે જે તપાસ કરી રહ્યા છે**



નવી દિલ્હી,તા.૨૦

કેન્દ્રીય તપાસ એજન્સી સીબીઆઈએ પટણામાં રાષ્ટ્રીય જનતા દળના સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ અને તેમની પત્ની રાબડી દેવીના ઠેકાણાઓ પર સવાર સવારમાં અલગ અલગ ટીમો બનાવીને દરોડા પાડ્યા. આ દરમિયાન એક ટીમ રાબડી દેવીના સરકારી આવાસ ૧૦ સર્ક્યુલર રોડ ઉપર પણ પહોંચી. રાબડી દેવીના ઘરે પહોંચેલી સીબીઆઈની ટીમમાં મહિલા અને પુરુષ અધિકારીઓ સામેલ છે. સીબીઆઈની આ ટીમમાં કુલ ૧૦ લોકો છે જે તપાસ કરી રહ્યા છે. ઘરમાં અવરજવર પર રોક લગાવવામાં આવી છે. સીબીઆઈએ પટણામાં ૧૭ જગ્યાઓ પર દરોડાની કાર્યવાહી હાથ ધરી છે. એવો આરોપ લાગ્યો છે કે લાલુ પ્રસાદ યાદવ જ્યારે રેલવે મંત્રી હતા ત્યારે ભરતી કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ મામલે દરોડાની કાર્યવાહી થઈ રહી છે. સીબીઆઈએ ૧૭ ઠેકાણે દરોડા પાડ્યા છે. આ મામલે અધિકારીએ જણાવ્યું કે સીબીઆઈએ લાલુ પ્રસાદ યાદવ વિરુદ્ધ નવો કેસ દાખલ કર્યો છે. અનેક જગ્યાએ દરોડા પાડવામાં

● અનુસંધાન પાન-૭ પર

# ભારતીય બોક્સર નિખત ઝરીને ગોલ્ડ મેડલ જીત્યો

**ફાઈનલમાં થાઈલેન્ડની જિતપોંગ જુટામેન્સને ૫-૦ થી પરાજિત કરી : તેલંગાણાની નિખત ભારતની એવી પાંચમી મહિલા બોક્સર છે, જેમણે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો, ૧૪ વર્ષની ઉંમરમાં જ ચેમ્પિયન બની**

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય બોક્સર નિખત ઝરીન ૫૨ કિલોગ્રામ વેટ કેટેગરીમાં વર્લ્ડ ચેમ્પિયન બની ગઈ છે. તેમણે એક દિવસ પહેલા ફાઈનલમાં થાઈલેન્ડની જિતપોંગ જુટામેન્સને ૫-૦ થી પરાજિત કરી હતી. તેલંગાણાની નિખત ભારતની એવી પાંચમી મહિલા બોક્સર છે, જેમણે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. નિખમના બોક્સર બનવાની કહાની પણ રસપ્રદ છે. પિતા મોહમ્મદ જમીલ પોતે ફુટબોલ અને ક્રિકેટ રમતા હતા તેઓ ઈચ્છતા હતા કે તેમની ૪ પુત્રીઓમાંથી કોઈ એક ખેલાડી બને. તેમણે પોતાના ત્રીજા નંબરની દિકરી નિખત માટે એથલેટિક્સને પસંદ કર્યુ અને નાની ઉંમરમાં જ સ્ટેટ ચેમ્પિયન બનેલી નિખતે પણ પિતાના આ નિર્ણયને સાચો સાબિત કર્યો પરંતુ કાકાની સલાહ પર નિખત બોક્સિંગ રિંગમાં ઉતરી અને ૧૪ વર્ષની ઉંમરમાં જ વર્લ્ડ યુથ બોક્સિંગ ચેમ્પિયન બની અને જે બાદ એક-એક કરીને સફળતાની સીડીઓ ચઢતી ગઈ. વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતવો આ સફરનો સૌથી મહત્વનો પડકાર છે.



ભારતમાં મહિલા બોક્સિંગનો અર્થ ૬ વખતના વર્લ્ડ ચેમ્પિયન એમસી મેરીકોમ છે પરંતુ નિખતે આ લિસ્ટમાં પોતાનુ નામ બનાવી લીધુ છે. જોકે આ માટે તેમને લાંબી રાહ જોવી પડી. ખભાની ઈજાના કારણે નિખત ૨૦૧૭માં બોક્સિંગ રિંગમાં

● અનુસંધાન પાન-૭ પર

# કર્ણાટકમાં ભારે વરસાદથી નવનાં મોત

**અનેક જિલ્લાઓમાં પાણી ભરાવાથી લોકોની મુશ્કેલીઓ વધી : રાહત-બચાવ માટે NDRFની ૪ ટીમો મોકલાઈ**

બેંગલુરૂ, તા.૨૦

કર્ણાટકમાં ભારે વરસાદનો કહેર યથાવત છે. આ પ્રાણઘાતક વરસાદમાં અત્યાર સુધીમાં ૯ લોકોના મૃત્યુ થઈ ચુક્યા છે. હુગલી સહિત અનેક જિલ્લાઓમાં પાણી ભરાવાના કારણે લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે. રાહત અને બચાવ કામગીરી માટે એનડીઆરએફની ૪ ટીમો મોકલવામાં આવી છે. આથી સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ સ્કૂલોને બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સાથે મુખ્યમંત્રી બસવરાજ એસ બોમ્મઈએ બેંગલુરૂના વરસાદથી પ્રભાવિત અનેક વિસ્તારોનો પ્રવાસ કર્યો છે.



# સ્વાસ્થ્યનો હવાલો આપીને સિધ્ધુએ કોર્ટમાં સરેન્ડર ટાળ્યું

**૧૯૮૮ના રોડ રેજ કેસ મામલે સિદ્ધુને ૧ વર્ષની સજા : જૂનો કેસ છે અને સ્વાસ્થ્ય સબંધી મુશ્કેલીઓ હોવાનું નવજોતસિંહ સિધ્ધુના વકીલે કોર્ટમાં જણાવ્યું હતું**

નવી દિલ્હી, તા.૨૦

પંજાબ કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ નવજોતસિંહ સિદ્ધુએ આજે પટિયાલા કોર્ટમાં સરેન્ડર કરવાનું હતું પરંતુ હવે તેમણે પોતાના હેલ્થ પ્રોબ્લેમનો હવાલો આપીને આ માટે વધુ સમયની માગણી કરી છે. આ તરફ સિદ્ધુની ક્યુરેટિવ પિટીશન પર સુનાવણી દરમિયાન બેંચ દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે, તેને ચીફ જસ્ટિસની બેંચ સામે રજૂ કરવામાં આવે.



હકીકતે સુપ્રીમ કોર્ટે ૧૯૮૮ના રોડ રેજ કેસ મામલે ગુરૂવારે સિદ્ધુને ૧ વર્ષની સજા સંભળાવી હતી. આ કેસમાં આજે સિદ્ધુએ સરેન્ડર કરવાનું હતું પરંતુ તે શક્ય નથી બન્યું. સિંઘવીએ જસ્ટિસ ખાનવિલકરની બેંચ સમક્ષ જણાવ્યું કે, આ જૂનો કેસ છે અને સ્વાસ્થ્ય સંબંધી મુશ્કેલીઓ છે. આ કારણસર અમુક સપ્તાહના સમયની જરૂર છે. જોકે સિંઘવીએ એમ ન જણાવ્યું કે, સિદ્ધુને સ્વાસ્થ્યની શું સમસ્યાઓ છે. બીજી તરફ પીડિતના વકીલે સિદ્ધુની અરજીનો વિરોધ કર્યો છે. એમ કહેવામાં આવ્યું છે કે, આ જૂનો કેસ છે અને છેક હવે ન્યાય મળ્યો છે.

ખાનવિલકરે જણાવ્યું કે, તેમના પાસે આ કેસનું ફાઈલિંગ નથી. તેવામાં ચીફ જસ્ટિસ સમક્ષ અરજી દાખલ કરવી જોઈએ.

સજાની જાહેરાત બાદ ગઈકાલે સિદ્ધુએ કહ્યું હતું કે, તેઓ કાયદાનું પાલન કરશે. આજે સવારથી તેમના સરેન્ડર માટેનો માહોલ બનેલો હતો. ત્યારે આ બધા વચ્ચે સિદ્ધુ તરફથી અભિષેક મનુ સિંઘવીએ સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ પિટીશન દાખલ કરી છે.

વર્ષ ૧૯૮૮ના રોડ રેજ કેસ મામલે સુપ્રીમ કોર્ટે સિદ્ધુને ૧ વર્ષની સજા સંભળાવી છે. સુપ્રીમ કોર્ટમાં આ કેસ પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલાથી ખુલ્યો હતો. પીડિતોએ મે ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટના નિર્ણય પર પુનર્વિચાર કરવાની અપીલ કરી હતી જેનો કોર્ટ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો. આ અરજીની સુનાવણી દરમિયાન ગુરૂવારે સુપ્રીમ કોર્ટે મહત્વનો નિર્ણય સંભળાવ્યો હતો.

# પેગાસસ જાસૂસી કેસની તપાસ કરતી કમિટીનો કાર્યકાળ વધારાયો

**પેગાસસ જાસૂસી કેસ મામલે સુપ્રીમનો નિર્ણય**

નવી દિલ્હી, તા.૨૦

પેગાસસ જાસૂસી કેસ મામલે આજ રોજ સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણીમાં કોર્ટે આ કેસની તપાસ કરી રહેલી ટેક્નિકલ કમિટીનો કાર્યકાળ ૪ સપ્તાહ માટે લંબાવી દીધો છે. કમિટીએ પોતે જ તપાસ માટે વધારે સમયની માગણી કરી હતી. બાદમાં સુપ્રીમ કોર્ટે પેગાસસ કેસની તપાસ કરી રહેલી જસ્ટિસ રવીંદ્રન સમિતિનો કાર્યકાળ ૪ સપ્તાહ માટે લંબાવી દીધો છે.

પેગાસસ મામલે સીજેઆઈ જસ્ટિસ એનવી રમણા, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ હિમા કોહલીની બેંચમાં સુનાવણી થઈ હતી. સુનાવણી શરૂ થઈ એટલે સીજેઆઈએ ટેક્નિકલ કમિટીના રિપોર્ટ અંગે જણાવ્યું કે, કમિટીએ અનેક ટેક્નિકલ મુદ્દે તપાસ કરી છે. તપાસ દરમિયાન કમિટીને ૨૯ ઉપકરણો અને કેટલાક પુરાવાની તપાસ અને વધુ પુછપરછ માટે કહેવામાં આવ્યું.

તપાસ કમિટીએ અમુક મુદ્દે જનતાનો મત પણ માગ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકોએ પોતાનું મંતવ્ય મોકલી આપ્યું હતું. જોકે કેટલીક નિષ્ણાંત એજન્સીઓના મતની રાહ જોવાઈ રહી છે. હવે પીઠે રિટાયર્ડ જસ્ટિસ આરવી રવીંદ્રનની અધ્યક્ષતાવાળી કમિટીને ૪ સપ્તાહમાં અંતિમ રિપોર્ટ દાખલ કરવા માટે કહ્યું છે. ચીફ જસ્ટિસે (સીજેઆઈ) જણાવ્યું કે, ટેક્નિકલ કમિટી મેના અંત સુધીમાં ફાઈનલ રિપોર્ટ તૈયાર કરીને જસ્ટિસ રવીંદ્રનને સોંપશે. ત્યાર બાદ આગામી એક મહિનામાં એટલે કે, ૨૦મી જૂન સુધીમાં જસ્ટિસ રવીંદ્રન પોતાનો ફાઈનલ રિપોર્ટ કોર્ટને સોંપી દેશે અને જુલાઈમાં સુનાવણી થશે.

# મહારાષ્ટ્રમાં ટ્રક અને ડિઝલ ટેન્કર ટકરાતાં નવ ભૂંજાયા

નવી દિલ્હી, તા.૨૦

મહારાષ્ટ્રના ચંદ્રપુર ખાતે ટ્રક અને ડીઝલ ટેંકરની ભયાનક ટક્કરમાં ૯ લોકો જીવતા સળગીને મૃત્યું પામ્યા હતા. મૃત્યું પામનાર લોકોમાં ટેંકર અને ટ્રકના ૨ ડ્રાઈવર, ૨ ક્લીનર અને ૫ મજૂરી કામ કરતા લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગત રાત્રે ચંદ્રપુરના ચિચપલ્લી ગામ પાસે રોડ પર ટેંકર અને ટ્રક વચ્ચે સીધી ટક્કર થઈ હતી. ત્યારબાદ તેમાં ભયાનક આગ ફાટી નીકળી હતી આ આગમાં બધું બળીને રાખ થઈ ગયું હતું. ટ્રકમાં કેટલા લોકો મુસાફરી કરી રહ્યા હતા તેનો અંદાજો લગાવવો મુશ્કેલ છે પરંતુ અત્યાર સુધીમાં જાણવા મળ્યું છે કે, ટ્રક અને ટેંકરમાં ડ્રાઈવર અને ક્લીનર સહિત ૯ લોકો હતા જેમાં ૫ લોકો મજૂર હતા. આ ઘટનામાં તમામ લોકોના મોત થયા છે. પોલીસ અકસ્માતની તપાસમાં લાગેલી છે અને મૃતકોની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

# ઈસરો સપ્ટેમ્બર-ડિસેમ્બરમાં બે એબોર્ટ મિશનનું સંચાલન કરશે

ઈસરો ૨૦૨૪માં અંતરિક્ષ માટે દેશની પ્રથમ માનવયુક્ત ઉડાન ગગનયાન માટે પોતાના રોડમેપના ભાગ તરીકે અંતરિક્ષ મુસાફરની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આગામી સપ્ટેમ્બર અને પછી ડિસેમ્બરમાં બે માનવરહિત નિરસ્ત અભિયાન એટલે કે એબોર્ટ મિશનનુ સંચાલન કરશે. ઈસરો પોતાના આ બંને એબોર્ટ મિશન દ્વારા વિફળતાનુ અનુકરણ કરશે. મિશનના વિફળ થવા પર અંતરિક્ષ મુસાફરની સુરક્ષા કેવી રીતે કરવાની છે. તેની તૈયારી માટે ઈસરો ૨ વાર અભ્યાસ કરશે. ઈસરોના અધ્યક્ષ એસ સોમનાથએ આ વિશે જાણકારી આપી.






**ફાયનાન્સ આસી. કમ ડેટા ઓપરેટર જોઈએ છે**

રોગી કલ્યાણ સમિતિ પ્રા.આ.કેન્દ્ર આદરજ મોટી ને ફાયનાન્સ આસી. કમ ડેટા ઓપરેટરની જગ્યા માટે લાયકાત – બી.કોમ., ટેલી તેમજ કોમ્પ્યુટરની જાણકારી ફરજીયાત રહેશે. સ્થાનિક તથા અનુભવીને અગ્રતા આપવામાં આવશે. જાહેરાત પ્રસિધ્ધ થયે અરજી દિન–૧૦ માં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/રૂબરૂ મોકલી આપવી.

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આદરજ મોટી અંબાજી માતાનાં મંદિરની બાજુમાં, મુ.પો. આદરજ મોટી, તા.જિ. ગાંધીનગર.**

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ**

**શ્રધ્ધાંજલિ**



**સ્વ. કેસરબા રામસિંહ રાણા**

સ્વ.તા.૨૧/૦૫/૨૦૨૧

આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માટે માર્ગદર્શક હતા,
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો,
લાગણીશીલતા અમે જીવનભર ભુલી શકીશું નહીં.

ડૉ. શંકરસિંહ આર. રાણા – ચેરમેનશ્રી, મધુર ડેરી
શ્રીમતી બિનાબા રાણા – પ્રમુખશ્રી, મહિલા રાજપૂત સમાજ
રાણા જીવણસિંહ આર. | રાણા દશરથસિંહ આર.
રાણા નટવરસિંહ આર. | રાણા કનકસિંહ આર. ડિરેક્ટરશ્રી, મધુર ડેરી

તથા સમસ્ત રાણા પરિવાર

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧